# <u>ડાંગર સંશોધન કેન્દ્ર, આકૃયુ, ડભોઈ ખાતે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું</u>

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ખાતે તા. ૦૯ જુન, ૨૦૨૩ ના રોજ ખેડૂત શિબિરનું આયોજન માન. કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. જેમા કુલ ૩૫ જેટલા ખેડૂત ભાઈઓ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી વિજયભાઈ સોલંકી, નાયબ નિયામકશ્રી, વોટર મેનેજમેન્ટ ફોરમ- અમદાવાદથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ડી. કે. રાઠવા, એગ્રીકલ્ચર ઓફીસરે કાર્યક્રમમાં આમંત્રિત સર્વેનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મુખ્ય મહેમાન શ્રી વિજ્યભાઈ સોલંકીએ ખેડૂતોને વધુમાં વધુ સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવા આગ્રહ કર્યો હતો.

અત્રેની કચેરીના વડા શ્રી એ.જી.પંપાણીયાએ ખેડૂતોને ડાંગરની નવી જાત જી. આર. ૨૧ વિશે માહિતી આપી ડાંગરની જાત જી. એ. આર. ૧૩ કરતા નવી જાત જી. આર. ૨૧ જે રોગ અને જીવાત સામે ટકી રહે તેવી મધ્યમ ટૂકી દાણાવાળી અને સારી ગુણવતા ધરાવતી જાત છે. તેનું વાવેતર કરવા સમજાવી કેન્દ્ર ખાતેની કામગીરીથી ખેડૂત ભાઈઓને અવગત કરાવ્યા હતાં.

સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત સિનિયર રિસર્ચ ફેલો, ડૉ. વિપુલ એન. રૈયાણીએ ખેડૂતોને ડાંગરની આધુનિક ખેતી પદ્ધતિ, ડાંગરના પાકમાં ખાતર વ્યવસ્થાપન તેમજ લિફ કલર ચાર્ટ વિશે સપુંર્ણ માહીતી આપી અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો અને તેના દ્વારા ખાતરની બચત થાય તે વિશે માહીતી આપી હતી.

એગ્રીકલ્ચર ઓફીસર, શ્રી ધનસિંગ રાઠવાએ નાડેપ કમ્પોસ્ટ અને જૈવિક ખાતરની ઉપયોગિતા વિશે ખેડૂત મિત્રોને જાણકારી આપી હતી.


